# નર્મદા આધારિત પાઈપલાઈનોની વોટરગ્રીડની યુદ્ધના ધોરણે થઈ રહેલી કામગીરી

ગાંધીનગર, તા. ૧૯
મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌરાષ્ટ્ર અને કચ્છમાં નર્મદા આધારિત વોટરગ્રીડ પ્રોજેક્ટ દ્વારા જુદા જુદા જિલ્લાઓ અને શહેરોમાં પાણી પુરવઠો પહોંચાડવા માટે યુદ્ધના ધોરણે ચાલી રહેલી કામગીરીનો આજે ઉચ્ચસ્તરીય બેઠકમાં સમીક્ષા કરી હતી.

વિધાનસભાની ચૂંટણીના કારણે આચારસંહિતાનો અમલ કરવાના ચૂંટણીપંચના આદેશો અનુસાર સૌરાષ્ટ્ર અને કચ્છમાં નર્મદાનું પાણી પહોંચાડવા માટેના નિર્ધારિત સમયપત્રકનો અમલ કરવાનું મોકૂફ રાખવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ રાજકોટ શહેરની જનતાને ખાતરી આપી હતી કે ચૂંટણીનું મતદાન ગુજરાતમાં પુરૂ થતાં જ નર્મદા આધારિત કેનાલના પાઈપલાઈનથી વોટરગ્રીડ દ્વારા નિર્ધારિત ધોરણે પાણી પુરવઠો આપવાનો શરૂ કરાશે. આજની બેઠકમાં એવી માહિતી આપવામાં આવી હતી કે ગત ચોમાસામાં અપૂરતા વરસાદના કારણે સૌરાષ્ટ્ર અને કચ્છમાં, નર્મદા કેનાલની પાઈપલાઈનનું કામ યુદ્ધના ધોરણે પુરૂ કરવાના સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલોના જુદા જુદા કામો માટે મંત્રીમંડળની પેટા સમિતિએ ઓગષ્ટ-૨૦૧૨માં સમયપત્રક તૈયાર કર્યું હતું. તદ્અનુસાર માત્ર સાડા ચાર મહિનામાં જ વિવિધ વિસ્તારોની પાઈપલાઈનો નાંખીને સૌરાષ્ટ્ર અને કચ્છના એકંદરે ૯૭૧ ગામો અને ૨૧ શહેરોનો ઉમેરો કરીને નર્મદાનું પાણી પહોંચાડવામાં આવ્યું છે. રાજકોટ શહેરને આજથી નર્મદાનો ૧૪ કરોડ લીટરનો પાણી પુરવઠો શરૂ થઈ ગયો છે.

આ બેઠકમાં નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા, જળસંપત્તિ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, કૃષિમંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી, ઊર્જા રાજ્યમંત્રીશ્રી સૌરભભાઈ પટેલ, પાણી પુરવઠા રાજ્યમંત્રીશ્રી પરબતભાઈ પટેલ, કૃષિ રાજ્યમંત્રીશ્રી મોહનભાઈ કુંડારિયા, મુખ્ય સચિવશ્રી એ.કે. જોતિ, પાણી પુરવઠાના અગ્ર સચિવશ્રી ડૉ. રાજીવકુમાર ગુપ્તા, મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી કે. કૈલાસનાથન, શહેરી વિકાસ અગ્ર સચિવશ્રી આઈ.પી. ગૌતમ, સરદાર સરોવર નર્મદા નિગમના મેનેજિંગ ડિરેક્ટરશ્રી એસ. જગદિશન, શ્રી એસ.કે. હૈદર અને સચિવશ્રી મહેશસિંઘ ઉપસ્થિત હતા.

## ડીસા હાઈવે પર બનાસ ડેરીના ટેન્ડરચાલક પર હુમલો



ડીસા શહેરના હાઈવે વિસ્તારમાં આવેલી દિપક હોટલ પાસે બનાસડેરીના ટેન્કર ચાલકને આંતરી ત્રણ બાઈક સવારો એ ગડદા પાટુનો માર મારી સોનાના ચક્તાની લુંટ ચલાવતા સનસનાટી મચી જવા પામી હતી. ટેન્કર ચાલકની ફરીયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે. ડીસાના લાખણીથી ટેન્કરમાં દૂધ ભરીને જઈ રહેલા ડ્રાયવર ધનરાજભાઈ રબારીને ઓવર ટેકની બાબતે ત્રણ બાઈક સવારોએ આંતરી લઈ હુમલો કરી દીધો હતો અને ટેન્કરના કાચ ફોડી નાખ્યા હતા તેમજ સોનાના ચક્તાની લુંટ પણ કરી હતી.

# આજે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજનો પ્રાગટ્યોત્સવ


છેલ્લા બસ્સો વરસેથી પ્રત્યેક ગુજરાત એક નામ સાંભળતો રહ્યો છે ભગવાન સ્વામિનારાયણનું. આજે તેમણે ચીંધેલા માર્ગે ચાલીને હજારો અને લાખો અનુયાયીઓ સદાચારના પાઠ શીખી રહ્યા છે. આ દિવ્ય પરંપરાના આદિ સ્થાપક છે.

ઈ. સ. ૧૮૩૦ માં ભગવાન સ્વામિનારાયણે નશ્વર દેહનો ત્યાગ કર્યો, ત્યાર બાદ એમનાં અત્યંત કૃપાપત્ર સંત અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા એ માર્ગ ચાલુ રાખ્યો. એમના આધ્યાત્મિક વારસદારો ભગતજી મહારાજ અને તે પછી શાસ્ત્રીજી મહારાજે ભગવાન સ્વામિનારાયણે પ્રબોધેલા ભક્તો સહિત

આજે સમગ્ર વિશ્વમાં સામાજિક અને આધ્યાત્મિક મૂલ્યોનું સંવર્ધન કરતી બોચાસણવાસી શ્રી અક્ષરપુરૂસોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (BAPS) નાં ભારતીય સંસ્કૃતિનાં ચિરંતન સ્મારકો સ્માન મંદિરો, નૈષ્ઠિક વ્રતધારી વિદ્વાન સંતો દ્વારા લાખો ભક્તોને સંસ્કૃતિ, સંસ્કાર, સ્વાસ્થ્ય, શિક્ષણ અને સ્વવિકાસની તક સત્સંગ કેન્દ્રો મારફત મળે છે.

૧૯૩૯માં અમદાવાદમાં શાસ્ત્રીજી મહારાજે કિશોરવયના શાંતિલાલને પાર્ષદની પ્રાથમિક દીક્ષા આપી. ૧૯૪૦માં ગોંડલમાં ભાગવતી દીક્ષા આપી અને તેમાંથી સૌને મળ્યા સાધુ નારાયણ સ્વરૂપદાસ સ્વામી.

**પૂજય પ્રમુખ સ્વામી મહારાજ ભગવાન સ્વામિનારાયણનાં પાંચમાં આધ્યાત્મિક ઉત્તરાધિકારી સંત છે. જેમના સમાગમથી શંકાઓનું સમાધાન અને દ્વિધાઓ દૂર થાય છે. આઘાત અદશ્ય થાય છે. સીધું-સાદું સરળ જીવન એમનો પર્યાય છે. વણથાક્યે અહોરાત્ર સેવા એ જ જીવન ધ્યેય છે. સાધુતા અને ભગવત્ તલ્લીનતા એમના જીવનની વિલક્ષણતા છે, અને એટલે જ અસંખ્ય લોકો એમના દિવ્ય સાનિધ્યમાં શાંતિનો અનુભવ કરી રહ્યાં છે. તેઓનાં ૯૨ માં પ્રાગટ્યોત્સવે કોટી કોટી વંદન.**



ભગવાનની સનાતન ઉપાસના વૈદિક સ્વરૂપો અક્ષર - પુરૂષોત્તમનાં ભવ્ય મંદિરોનું નિર્માણ કર્યું. તેમના અનુગામીની દિશા ખોલી આપી.

માત્ર ગુજરાતના જ નહીં, ભારતવર્ષનાં પણ નહીં, પરંતુ દેશ-પરદેશના અસંખ્ય લોકો જેમનાં દિવ્યત્વનું સ્મરણ કરે છે, જેમનું પ્રત્યક્ષ દર્શન કરવાની અભિલાષા સેવે છે તેવી સંતવિભૂતિ શ્રી પ્રમુખ સ્વામી મહારાજનો જન્મ વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ચાણસદ ગામમાં ૧૯૨૧ માં થયો હતો. એમનું મૂળ નામ શાંતિલાલ. પિતા મોતીભાઈ અને માતા દિવાળીબા. ખેતી અને પ્રભુભક્તિ સિવાય આ પરિવારના જીવનનું બીજું કોઈ વિશિષ્ટ પાસું નહોતું. સામાન્ય વાતાવરણમાં અવતરેલાં એ અસામાન્ય બાળભક્ત શાંતિલાલની આંખોમાં ભક્તિની - અધ્યાત્મની કંઈક અનેરી ચમક હતી. ગામના પાદરે આવેલા હનુમાનગઢીનાં મંદિરે બિરાજતા સાધુ હરિદાસે આ બાળકના હીરને પારખી લીધું હતું. હનુમાન ગઢીએ રામાયણ, મહાભારત, ભાગવત, સંતચરિત્ર અને હિમાલયની વાતો થતી. બાળભક્ત શાંતિલાલનું મન બદરીકેદારની ગિરિકંદરાઓમાં સંન્યાસ ક્ષેત્રોમાં અલખની આરાધના કરવા માટે પહોંચી જતું.

આખરે એક દિવસ એવો આવ્યો, અઢાર વર્ષની ઉંમરે ક્રિકેટનાં સાધનોની ખરીદી માટે નીકળેલાં શાંતિલાલને ગુરૂ શાસ્ત્રીજી મહારાજની ચિઠ્ઠી મળી : સાધુ થવા આવી જાઓ! અને એ જ ક્ષણે ગૃહત્યાગ! કશી જ ચહલપહલ નહીં, વિદાય આપનારાં સ્વજનોની ભીડ નહીં! કશી ધમાલ નહીં! માતા-પિતાએ પણ હસ્તે મોંએ પોતાના હૈયાનાં ટુકડા જેવા લાડકવાયાને શાસ્ત્રીજી મહારાજના ચરણે ધરી દીધો!

ભાદરણ અને ખંભાતમાં રહી ગામમાં ઝોળી (ભિક્ષા) માંગી જાતે રાંધી, એવી સેવા કરતાં કરતાં સંસ્કૃતનો અભ્યાસ કરી માત્ર દસ જ વર્ષમાં શાસ્ત્રીજી મહારાજના હૈયાનું રત્ન બની ગયા. શાસ્ત્રીજી મહારાજે દીર્ઘદૃષ્ટિથી સ્થાપેલી વિકસતી અક્ષર પુરૂષોત્તમ ધર્મસંસ્થાનના પ્રમુખ તરીકે તેઓએ સને ૧૯૫૦ માં નિયુક્ત કર્યા ત્યારથી સૌ હરિભક્તો તેમને પ્રમુખસ્વામી મહારાજ તરીકે ઓળખે છે. આ લાખો લોકોને હૂંફ આપનાર આ પરોપકારી સંતે કઠિન પુરૂષાર્થની આંતરરાષ્ટ્રીય સ્તરે એક વિરાટ ચારિત્ર્યવાન સમાજ તૈયાર કર્યો છે.

૧૯૭૧માં યોગીજી મહારાજના અંતર્ધાન બાદ ધર્મધુરાધારણ કરી શ્રી પ્રમુખ સ્વામી મહારાજ લોકોના જીવનની સમસ્યાઓમાં માર્ગદર્શન આપતા પત્રો, અવિતરપણે સંસ્કાર અને સદાચારની ગંગોત્રી-યમનોત્રી વહેવડાવવા માટે ઘર-ઘર અને ગામ-ગામ વિચરણ કરતા રહ્યાં છે. વિચરણમાં કયારેય ભગવાન સ્વામિનારાયણના આદેશો કે ભક્તિને જરા પણ ગૌણ થવા દીધી નથી. આધ્યાત્મિક જીવનની શરૂઆત કરી ત્યારથી જ ખૂબ જ નમ્ર, સેવાભાવી અને ઠાકોરજી સાથે એકાત્મતા અને ભક્તિભાવવાળા છે. ખૂબ જ પ્રેમાળ, ધર્મનિયમના અતિઆગ્રહી, વૈરાગ્યવાન અને જ્ઞાની હોવાને કારણે બિંદુસમી BAPS સંસ્થાને પૂરતી સીમિત ન રાખતાં તેનું ભારતીય સંસ્કૃતિ રૂપી વિશ્વ વ્યાપી ઓળખ આપી. ગાંધીનગર અને દિલ્હીનું અક્ષરધામ અને લંડન - અમેરિકાનું સ્વામિનારાયણ મંદિર તો ધર્મ સાથે આધુનિક ટેકનોલોજીનું અદ્ભૂત સમન્વય સમાન છે. પ.પુ. પ્રમુખ સ્વામી મહારાજ કર્મ કરતાં કરતાં સો વર્ષ જીવન જીવે એજ ભગવાન સ્વામિનારાયણના ચરણોમાં પ્રાર્થના.

## દિવંગત પૂર્વ વડાપ્રધાન ઈન્દ્રકુમાર ગુજરાલને રાજ્ય મંત્રીમંડળની ભાવભરી શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૧૯
મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષસ્થાને આજે મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી ઈન્દ્રકુમાર ગુજરાલના દુઃખદ અવસાન અંગે સદ્ગતના માનમાં બે મિનિટનું મૌન પાળી દિવંગત પ્રધાનમંત્રીશ્રીને ભાવભરી શ્રદ્ધાંજલિ આપતો શોક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી ઈન્દ્રકુમાર ગુજરાલનો જન્મ ૧૯૧૯ની ૪થી ડિસેમ્બરે ઝેલમ ખાતે થયો હતો,જે હાલમાં પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં આવેલું છે. રાજનીતિ તેઓને વારસામાં મળેલ હતી. તેઓના પિતા સ્વાતંત્ર્ય ચળવળના લડવૈયા હતા. તેઓ એક વિદ્યાર્થી તરીકે લાહોરમાં સ્વાતંત્ર્ય ચળવળમાં જોડાયા હતા. ૧૯૪૨ની હિન્દ છોડો ચળવળ વખતે તેઓએ જેલવાસ ભોગવ્યો હતો. સ્વાતંત્ર્ય પછી થયેલા વિભાજન બાદ તેઓએ દિલ્હી સ્થળાંતર કર્યું. તેઓએ તેઓની રાજકીય કારકિર્દીની શરૂઆત નવી દિલ્હી મ્યુનિસિપલ કમિટીના સભ્ય તરીકે કરી. ૧૯૬૪માં તેઓ રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાયા. તેઓ ૧૯૬૭માં કેન્દ્રીય પ્રધાનમંડળમાં રાજ્યકક્ષાના પ્રધાન તરીકે નિયુક્ત થયા. ૧૯૭૫માં તેઓ કેન્દ્રીય પ્રધાનમંડળમાં માહિતી અને પ્રસારણ ખાતાના પ્રધાન હતા. ત્યાર પછી તેઓએ આયોજન મંત્રાલયનો કાર્યભાર સંભાળ્યો હતો. ત્યારબાદ તેઓ રશિયા ખાતે એલચી તરીકે નિયુક્ત થયા. ૧૯૮૯માં તેઓ કેન્દ્રીય પ્રધાનમંડળમાં વિદેશ પ્રધાન બન્યા. એપ્રિલ ૧૯૯૭થી માર્ચ ૧૯૯૮ સુધી દેશના વડાપ્રધાન પદે રહ્યા.

ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો સમધારણ કરવાની પ્રકીયામાં સ્વ. શ્રી ઈન્દ્રકુમાર ગુજરાલે સેતુની ભૂમિકા નિભાવી હતી. તેઓએ બંને દેશો વચ્ચે સંપર્ક વધારવાનું કામ કર્યુ હતું. બાંગલાદેશના મુક્તિ સંગ્રામ સાથે પણ તેઓ જોડાયેલા હતા. એક કુશળ વિદેશ પ્રધાન તરીકે તેમની નીતિ 'ગુજરાલ ડોક્ટ્રીન' તરીકે પ્રસિદ્ધ થઈ હતી. પાકિસ્તાન સહીતના પડોશી દેશો સાથે સારા સંબંધો સ્થાપવામાં વિદેશ પ્રધાન તરીકે તેઓએ પ્રશંસનીય કામગીરી બજાવી હતી.

બૌદ્ધિક અને મૃદુભાષી એવા સ્વ. શ્રી ઈન્દ્રકુમાર ગુજરાલે લેખનકાર્ય પણ કર્યું હતું. તેઓએ કેટલાક પુસ્તકો લખ્યાં છે, જેમાં તેઓની આત્મકથા 'Matters of Discretion' નો પણ સમાવેશ થાય છે.

સ્વ. શ્રી ઈન્દ્રકુમાર ગુજરાલના અવસાન અંગે રાજ્ય મંત્રીમંડળ, ગુજરાતની જનતા અને સરકાર ઉંડા દુઃખ અને શોકની લાગણી વ્યક્ત કરે છે. રાજ્ય મંત્રીમંડળની આજની બેઠકમાં સ્વ. શ્રી ઈન્દ્રકુમાર ગુજરાલના આત્માને પરમશાંતિ મળે તેવી પ્રભુપ્રાર્થના સાથે બે મિનિટનું મૌન પાળી સ્વર્ગસ્થને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પે છે.

## વિધાનસભા ખાતે દરબાર સાહેબ ગોપાલદાસને પુષ્પાંજલિ અર્પણ કરાઇ

ગાંધીનગર, તા.૧૯
ગુજરાત વિધાનસભા ભવનમાં પોડિયમમાં મુકવામાં આવેલા દરબાર સાહેબ ગોપાલદાસના તૈલચિત્ર સમક્ષ તેઓશ્રીની ૧૨૬મી જન્મ જયંતિ નિમિત્તે વિધાનસભા સચિવ શ્રી ડી.એમ. પટેલ તથા વિધાનસભા અધ્યક્ષશ્રીના અંગત સચિવ શ્રી દિનેશ વ્યાસે ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે વિધાનસભા-સચિવાલયના કર્મચારીઓ-અધિકારીઓએ પણ પુષ્પાંજલિ અર્પી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, દરબાર સાહેબ ગોપાલદાસનો જન્મ તા. ૧૯-૧૨-૧૮૮૭ માં ઢસા ખાતે થયો હતો. સૌરાષ્ટ્રમાં આવેલું રાય-સાંકળીનું પોતાનું નાનું રાજય તેઓએ સ્વાતંત્ર્ય યજ્ઞમાં સામે ચાલીને સોંપી દીધું હતું અને પ્રજાના સાચા દરબાર કહેવાયા હતા. આણંદ બોરસદ વડોદરાના સંગ્રામોમાં તેઓએ આગેવાની લીધી હતી. ૧૯૪૭માં સ્વરાજય આવ્યું તેઓને જાગીર મળી પણ સ્વીકારી નહીં અને જાહેર સેવાને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું, નડિયાદને કર્મભૂમિ બનાવી. તેઓનું અવસાન તા. ૫-૧૨-૧૯૫૧માં થયું હતું.

## શિશુ વિહારનાં ઉપક્રમે મુળશંકરભાઈ ભટ્ટ સ્મૃતિ વ્યાખ્યાન

લોક દક્ષિણામૂર્તિ સંસ્થાનાં પાયાનાં કાર્યકર, સ્વાતંત્ર્ય સેનાની શ્રી મુળશંકરભાઈ ભટ્ટની ૧૦૫મી જન્મ જયંતિ પ્રસંગે નઈ તાલીમ વિષયે વ્યાખ્યાન યોજાશે. લોક દક્ષિણામૂર્તિ પૂર્વ વિદ્યાર્થી સંઘ તથા ગુજરાત નઈ તાલીમસંઘનાં સહયોગથી સતત ૧૧મા વર્ષે શ્રી મુળશંકરભાઈ ભટ્ટ વ્યાખ્યાન યોજાશે.

શિશુવિહાર સંસ્થામાં યોજાતી આ વ્યાખ્યાન માળામાં ગુજરાતભરની નઈ તાલીમ સાથે જોડાયેલ ૭૦૦થી વધુ નિમંત્રિત કાર્યકરોને ભાવનગરનાં પૂર્વ કુલપતિ ડૉ. શ્રી વિદ્યુત જોષી નઈ તાલીમની પ્રસ્તુતતા વિષયે માહિતગાર કરશે. ઉપરાંત બ્લડ બેંકનાં સહકારથી યોજાતા રકતદાન શિબિરમાં એક અદના શિક્ષક શ્રી મુળશંકરભાઈ ભટ્ટના ૧૦૫ વિદ્યાર્થીઓ, ચાહક યુવકો રકતદાન કરીને કર્માંજલી આપશે.

તારીખ ૨૩ ડિસેમ્બરે સવારે ૧૦.૩૦થી ૧૨.૩૦ દરમિયાનનાં પ્રથમ સેશન બાદ બપોરે ૨ થી ૪ દરમિયાન મુકત ચર્ચા અને સ્વરાજયની ચળવળ સાથે પ્રારંભાયેલ નઈ તાલીમની પ્રસ્તુતતા વિષયે સંસ્થાગત ચર્ચા થશે તેમજ સંઘનાં પ્રમુખશ્રી શંભુભાઈ વંકાણી અને સક્રિય કાર્યકરોનું અભિવાદન કરવામાં આવશે.

## જયારે સંસ્થાઓ ગતિશિલતા પ્રાપ્ત કરે છે તે જીવનનાં વિવિધ અન્ય પાસાંને પણ વિશેષ સક્રિય બનાવે છે : ડૉ. અમૃતા પટેલ

અમદાવાદ, તા.૧૯
તા.૧૮મી ડિસેમ્બર ૨૦૧૨ના રોજ એસએનડીટી યુનિવર્સિટી, મુંબઈ ખાતે ૬૨માં પદવી દાન સમારંભને સંબોધન કરતાં નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (એનડીડીબી)નાં અધ્યક્ષા ડૉ. અમૃતા પટેલે લોકોની સંસ્થા અંગે વાત કરતાં જણાવ્યું હતું કે આવી સંસ્થાઓ રાષ્ટ્રનિર્માણના ઘડતરમાં મહત્વની ભૂમિકા અદા કરે છે. તેમણે એ વાસ્તવિકતાની યાદ અપાવી હતી તે છેલ્લા થોડા દાયકાઓમાં આપણે ઈકોલોજીકલ આરોગ્ય માટે ખૂબ જ નબળી કામગીરી કરી છે. આપણે ગામડાંની લોકોના જીવનમાં જમીન, પોષક તત્ત્વો અને જીવવૈવિધ્ય જેવી માળખાગત બાબતો જે તફાવત સર્જે છે તેની દરકાર કર્યા વગર આપણે બંદરો અને બંધો જેવી માળખાગત સુવિધાની વાતો કરતા રહ્યા છીએ. આપણી ઘણી નદીઓ સૂકાઈ ગઈ છે અને દેશનો ત્રણ ચતુર્થાંશ હિસ્સો ભૂગર્ભ જળની તંગીને કારણે પાણીની સમસ્યાનો સામનો કરી રહ્યો છે.

આપણી આસપાસ જે ફેરફારો થઈ રહ્યા છે, જેવા કે જંગલનું આવરણ નષ્ટ થતાં પાણીના પ્રવાહો ઘટયા છે. માત્ર વાઘ જ નહીં પણ સેંકડો જીવજંતુઓ અને સરીસૃપો લુપ્ત થવાને આરે છે. આપણે એક અખંડ જૈવિક રચના તરીકે જીવીએ છીએ. આપણે એક ટાપુ તરીકે આપણું અસ્તિત્વ જાળવી રાખી શકીએ નહીં, વ્યાપક ગ્રામ્ય-શહેરી સ્વરૂપ તરીકે ટકી શકીએ તે બાબતે સભાનતા જરુરી છે.

ડૉ. પટેલે વધુમાં જણાવ્યું કે, 'આ બાબતને કારણે, તમારા જેવી શિક્ષિત વ્યકિતને સ્પર્શતી બાબતો તરફ મારું ધ્યાન દોરાયું છે જયારે શિક્ષિત લોકોની સંખ્યા વધતી જાય છે ત્યારે આપણે વિચારવું જોઈએ કે શું શિક્ષણ આપણને બહેતર નાગરિક બનાવે છે? શું આપણે આપણી પૃથ્વીના અસ્તિત્વ અને જીવસૃષ્ટિને સ્પર્શતી બાબતો અંગે જાગૃત થયા છીએ ખરા?'

## ભિલોડાના પાલ્લા ગામે કારની અડફેટે આધેડનું મોત

હિંમતનગર, તા. ૧૯
ભિલોડા તાલુકાના પાલ્લા ગામે બસ સ્ટોપ નજીક આજે એક કારચાલકે રાહદારીને અડફેટે લેતા રાહદારીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજયું હતું જે અંગે શામળાજી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ભિલોડા તાલુકાના પાલ્લા ગામે બસસ્ટોપ નજીક આજે બપોરના સુમારે એક નેનોકાર નં. જીજે-૨-બીએ-૨૪૭૫નાચાલકે હાઈ-વે પર બેદરકારપૂર્વક પોતાના કબજાની કાર હંકારી માર્ગ પર ચાલતા અશોકભાઈ લાલજીભાઈ પરમાર (ઉં.વ. ૫૨, રહે. ભાણેજોર, તા. ભિલોડા)ને જોરદાર ટક્કર મારતા રાહદારીને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી જે બાદમાં તેનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ કરૂણ મોત નિપજયું હતું. આ સંદર્ભે મૃતકના પરિવારજનોએ ભિલોડા પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## શબ્દાવલી - ૪૯૨૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | ૯ | ■ | ૧૦ | |
| | ■ | ૧૧ | | | ■ | ૧૨ | |
| ૧૩ | ૧૪ | | ■ | ૧૫ | ૧૬ | ■ | |
| ■ | ૧૭ | | ■ | ૧૮ | | ૧૯ | ■ |
| ૨૦ | ■ | ■ | ૨૧ | | ■ | ૨૨ | ૨૩ |
| ૨૪ | | ૨૫ | | ■ | ૨૬ | | |
| | ■ | | ■ | ૨૭ | | | |

### આડી ચાવી

૧. હરદમ, દરરોજ (૪)
૪. દુનિયા, સમાજ (૩)
૭. જ્ઞાતિ, જાતિ (૨)
૮. તરત બળી જાય તેવો પદાર્થ (૨)
૧૦. એક ચકોર પક્ષી (૨)
૧૧. એક અભિનેત્રી (૩)
૧૨. ડબલુ, ડબો (૨)
૧૩. અમેરિકન નાણુ (૩)
૧૫. વ્યક્તિની ઓળખ માટે રખાય (૨)
૧૭. સુગંધી ખાવાલાયક લાકડું (૨)
૧૮. અનાથ (૩)
૨૧. ઘ્રાણેન્દ્રિય (૨)
૨૨. હોઠ (૨)
૨૪. વિશેષતા (૪)
૨૬. શાકભાજી (૩)
૨૭. સેના, સૈન્ય (૪)

### ઊભી ચાવી

૧. કંઈ પણ ખાધા વિના કરેલ ઉપવાસ (૪)
૨. એક જાતનો દારૂ (૨)
૩. લાજ, મર્યાદા (૩)
૫. નકામો (૩)
૬. નક્કર, સખત (૪)
૯. વિલન (૫)
૧૧. મરણ પછીની વિધિ (૩)
૧૪. કુટેવ, ખરાબ આદત (૨)
૧૬. બુધ્ધિ, અક્કલ (૨)
૧૯. મલકવું તે (૪)
૨૦. ગોદામ, કોઠાર (૩)
૨૧. નાતિ, સમાજ (૨)
૨૩. વિમાન (૩)
૨૫. ય... બાવાનો ય (૨)
૨૬. શક્તિ, તાકાત (૨)

### શબ્દાવલી ૪૯૨૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) ગઈકાલ (૪) ઠગાઈ (૬) મતિ (૭) ડાફેરા (૯) વસવસો (૯) વસવસો (૧૧) વિસરવું (૧૩) યાર (૧૫) દૂરબીન (૧૭) હલકટ (૧૯) જાન (૨૦) રસ (૨૨) પા (૨૩) લપલપીયું

**ઊભી ચાવી :-** (૧) ગમ (૨) ઈતિહાસ (૩) લડાવવું (૪) ઠરાવ (૫) ઈશ્ક (૮) ફેસ (૧૦) સોયાબીન (૧૧) વિઘ્નહર્તા (૧૨) રત્નાકર (૧૪) રન (૧૬) રજા (૧૮) ટસલ (૨૧) વાયુ

### જાહેરાત

તા. ૧૬/૧/૨૦૧૩ થી તા. ૨૦/૧/૨૦૧૩ના સમયગાળા દરમિયાન સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ગાંધીનગર ખાતે યોજાનાર તાલીમ પ્રોગ્રામમાં ૨૦૦ માણસો માટે સવારે ચા-નાસ્તો, બપોરનું ભોજન અને સાંજે ચા-કોફીની સુવિધા પુરી પાડવા માટે ગાંધીનગર સ્થિત આવી કેટરસની કામગીરી કરતી સંસ્થાઓ પાસેથી તા. ૨૦/૧૨/૨૦૧૨થી તા. ૨૯/૧૨/૨૦૧૨ના સમયગાળ દરમિયાન બંધ કવરમાં આર.પી.એ.ડી.થી ભાવપત્રકો વહીવટી અધિકારી, ખોરાક અને ઔષધ નિયામ તંત્ર, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૮, પહેલો માળ, ગાંધીનગરના નામે મોકલી આપવા જણાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ નિયત ફી ભર્યેથી કચેરીમાંથી મળી શકશે.

કમિશનર
ખોરાક અને ઔષધ નિયામક તંત્ર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૧૭૫૫/૧૨-૧૩


ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ટચૂકડી જાહેર ખબર
ફ્લેટ બુકીંગ
૨ બેડરૂમ, હોલ, કીચનના ફ્લેટ, ગાંધીનગર-સરગાસણ સર્કલની બાજુમાં, બુકીંગ માટે મળો.
સંપર્ક
૯૯૦૯૨ ૮૦૬૩૧
૯૭૨૬૦ ૮૮૩૩૩


ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧



સુવિધાઓ



● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન